મહત્તમ : ૨૪.૪ ડીગ્રી
લઘુતમ : ૧૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૨૭ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરના ખૂણેખૂણા કેમેરાની બાજ નજર હેઠળ

## સ્માર્ટ સિટી અને સેફ એન્ડ સિક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત શહેરનાં રંગમંચ અને બગીચાઓમાં પણ સીસીટીવી કેમેરા લગાડી દેવાશે
## શહેરમાં ક્યાંય આગ લાગે કે ધડાકો થાય તો પહેલા પોલીસ કંટ્રોલમાં એલાર્મ વાગે તેવી સેન્સરયુક્ત સિસ્ટમ સેટ કરાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર આખું સીસીટીવી કેમેરાથી સજ્જ થઈ જશે. સ્વાભાવિકરીતે સીસીટીવી કેમેરાને પગલે શહેરમાં ગુનાખોરી પર નિયંત્રણ આવશે. સ્માર્ટ સિટી અને સેફ એન્ડ સિક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં ૮૦૦થી વધુ સીસીટીવી કેમેરા લગાડી દેવામાં આવશે. અલબત્ત ૫૦૦ જેટલા સીસીટીવી કેમેરા તો હાલ શહેરમાં લાગી ગયા છે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટના ફેઝ-૨ માં શહેરના રંગમંચ, બગીચાઓ, સિવિલ હોસ્પિટલ અને એસટી ડેપોને પણ સીસીટીવી કેમેરાથી સજ્જ કરી દેવામાં આવનાર છે. આ તમામ સીસીટીવી કેમેરા લાગી ગયા બાદ તેનું મોનિટરિંગ પોલીસ અને કોર્પોરેશન બંને તંત્ર દ્વારા કરવામાં આવશે. એટલું જ નહીં સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલેશનનું કામ પૂર્ણ થયા બાદ વિડીયો મેનેજમેન્ટ સોફ્ટવેર મારફતે તમામ કેમેરાને હાઈટેક ટેકનોલોજી સાથે જોડી દેવામાં આવશે. જેને પગલે શહેરમાં કોઈપણ જગ્યાએ મોટો ધડાકો એટલે કે બ્લાસ્ટ થયો હોય અથવા મોટી આગ દુર્ઘટના થઈ હોય તેવા કિસ્સામાં સેન્સરયુક્ત આ કેમેરાની મદદથી આ ટેકનોલોજીયુક્ત સોફ્ટવેર પોલીસ કંટ્રોલ રૂમમાં એલાર્મ વગાડવાનું શરૂ કરી દેશે.

પોલીસના સીસીટીએનએસ પ્રોજેક્ટ ઉપરાંત કોર્પોરેશનના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત પ્રથમ ફેઝમાં અઢીસો જેટલા સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા હતા. હવે આ પ્રોજેક્ટ અંતર્ગત ફેઝ-૨ ની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. તે ઉપરાંત સેફ એન્ડ સિક્યોર ગુજરાત પ્રોજેક્ટનું પણ અમલીકરણ શરૂ કરી દેવામાં આવતા આ પ્રોજેક્ટ અંતર્ગત પણ શહેરમાં અલગ અલગ સ્થળોએ સીસીટીવી કેમેરા લગાડવામાં આવશે. એટલે કે શહેર આખું સીસીટીવી કેમેરાથી સજ્જ થઈ જનાર છે. તે ઉપરાંત મુખ્ય માર્ગો અને એરપોર્ટ રોડ પર પણ સીસીટીવી કેમેરા લગાડી દેવામાં આવશે. આ તમામ સીસીટીવી કેમેરાનુ મોનિટરિંગ પોલીસ અને કોર્પોરેશન તંત્ર કરશે. ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીમાં અદ્યતન સીસીટીવી કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ તૈયાર કરવામાં આવ્યો છે. જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારી-કર્મચારીઓ પૈકી ટેકનીકલ નોલેજ ધરાવતા પોલીસ અધિકારી-કર્મચારીઓને ઈન્ટરવ્યૂ લઈને ત્રણ પી.એસ.આઈ અને ૪૨ પોલીસ કર્મચારીઓને આ સીસીટીવી કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમમાં ફરજ બજાવવા ઓર્ડર પણ આપી દેવામાં આવ્યા છે. શહેરભરમાં લાગેલા સીસીટીવી કેમેરાનું ૨૪ કલાક મોનિટરિંગ કરવામાં આવશે. સીસીટીવી સર્વેલન્સ ઉપરાંત ઈ-ચલણ અને પોસ્ટ ઈન્સીડેન્ટ ઈન્વેસ્ટિગેશન સહિતની કામગીરી અહીંથી કરવામાં આવશે અને તે માટે જરૂરી તાલીમ પણ આપવામાં આવશે. આ તમામ સીસીટીવી કેમેરા સાથે એક આધુનિક સોફ્ટવેરની મદદથી વિવિધ સિસ્ટમ કાર્યરત કરવામાં આવનાર છે. સીસીટીવી કેમેરાના વિડીયો ફૂટેજનુ પૃથક્કરણ કરતુ આ વિડીયો મેનેજમેન્ટ સોફ્ટવેર પોલીસને સ્માર્ટ બનાવી દેશે. એટલું જ નહીં મોટી આગ દુર્ઘટના કે બ્લાસ્ટ જેવી દુર્ઘટનામાં પણ આ સોફ્ટવેરની મદદથી તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમમાં એલાર્મ મારફતે જાણ થઈ જશે.

### લાંબા સમયથી એક જ સ્થળે વાહન પાર્ક થયેલું હશે તો આપોઆપ મેમો ફાટી જશે..!

સીસીટીવી કેમેરા સાથે પોલીસ દ્વારા જે વિડીયો મેનેજમેન્ટ સોફ્ટવેર જોડવામાં આવનાર છે તે સોફ્ટવેરમાં વિવિધ આધુનિક સિસ્ટમ સેટ કરવામાં આવશે. આગ દુર્ઘટના કે બ્લાસ્ટ દુર્ઘટનામાં જે રીતે પોલીસ કંટ્રોલ રૂમમાં આપોઆપ એલાર્મ વાગી જશે તે જ રીતે અન્ય ઘણા કિસ્સાઓમાં આ સિસ્ટમ કામ આવશે. જેમ કે શહેરના કોઈ એક વિસ્તારમાં નો પાર્કિંગ ઝોન હોવા છતાં કોઈ વાહન પાર્ક થયેલું હશે અને નિયત કરવામાં આવેલ આ સમયગાળા કરતા વધુ સમયથી આ વાહન તે વિસ્તારમાંથી હલ્યુ નહી હોય તો આપોઆપ આ સોફ્ટવેર મારફતે સીસીટીવી કેમેરાની મદદથી તે ગાડીના નંબરને આધારે માલિકનો આપોઆપ મેમો ફાટી જશે. તે ઉપરાંત રોંગ સાઈડથી આવતા વાહનો અને ચોરીના ગુનામાં રજિસ્ટર થયેલા વાહનો શહેરમાંથી નીકળશે કે તરત જ આ સોફટવેર પોલીસને ઈન્ડીકેશન આપી દેશે.

# સર્વ નેતૃત્વ ગૃપની ૪૫મી નિવાસી તાલીમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વ ગૃપની ૪૫મી નિવાસી તાલીમ શિબિરનું આયોજન અડાલજના શ્રી રામચંદ્ર મિશનના સેન્ટર ફોર મેડીટેશન ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કેએસવી સંલગ્ન ૧૫ કોલેજોના ૬૬ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ પ્રસંગે શહેરના જાણીતા ટ્રેનર સુરેશ પટેલે વિદ્યાર્થીઓને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જીવન મૂલ્યોના સંદર્ભે સમાજને ઉપયોગી કેવી રીતે બનવું તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

સર્વ નેતૃત્વગૃપની તાલીમ શિબિરમાં અમદાવાદના રીક્ષાવાળા તરીકે જાણીતા ઉદયભાઈ જાદવ ગેસ્ટ સ્પિકર તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને પ્રેરક અનુભવો જણાવ્યા હતા. તાલીમ કાર્યક્રમમાં રામચંદ્ર મિશનના જિજ્ઞેશભાઈ શેલતે હાર્ટફુલનેસ મેડીટેશનની સમજ સાથે ત્રણ દિવસ અનુભવ કરાવ્યો હતો. નિવાસી તાલીમ શિબિરના સમાપને મુખ્ય મહેમાનપદે હરેશભાઈ પટેલ, ડૉ ધર્મેન્દ્રભાઈ પટેલ વગેરેએ વિવિધ પ્રકારની તાલીમ માર્ગદર્શન પુરું પાડયું હતું. સમાપન બાદ વિદ્યાર્થીઓએ દાંડી કુટિરની મુલાકાત લીધી હતી. શિબિરને સફળ બનાવવા પૂર્વ તાલીમાર્થીઓ હની પટેલ, સુરજ મુંજાણી, આશિષ પટેલ અને મિત કોયાણીએ ઉપયોગી કામગીરી કરી હતી.

## સાયબર સિકયુરિટી વિષય પર

# ૫૬ દેશોના પોલીસ અધિકારીઓ વચ્ચે ગાંધીનગરમાં કોન્ફરન્સ યોજાશે

ગાંધીનગર, તા.૭

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી (જીએફએસયુ), ગાંધીનગર ખાતે તા. ૧૧ થી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન ઈન્ટરનેશનલ એસોસીએશન ઓફ પોલીસ એકેડેમી (INTERPA) કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. ભારત દેશમાં સૌ પ્રથમવાર આ ૮મી 'ઈન્ટરપા કોન્ફરન્સ'નું આયોજન કરવામાં આવ્યું છે. જેની થીમ 'સાયબર સિકયોરીટી એન્ડ કોમ્બાટીંગ સાયબર ક્રાઈમ' છે. આ ત્રણ દિવસની કોન્ફરન્સનું યજમાન ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી છે.

આ ૮મી વાર્ષિક ઈન્ટરપા કોન્ફરન્સનું ઉદઘાટન રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે તા. ૧૧ ફેબ્રુઆરીને સોમવારે સવારે ૧૦ કલાકે ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિ.ના અપર ઓડીટોરીયમ ખાતે થશે. આ પ્રસંગે ઈન્ટરપાના પ્રમુખ પ્રો. ડૉ. ઈલમાઝ ચોલક કી નોટ એડ્રેસ આપશે.

ઈન્ટરનેશનલ એસોસીએશન ઓફ પોલીસ એકેડેમી (ઈન્ટરપા) એ દુનિયામાં આવેલી પોલીસ એકેડમીઝ અને તેને સમકક્ષ સુરક્ષા ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓનું વિશ્વભરનું એસોસીએશન છે. જેની સ્થાપના ૨ જુલાઈ, ૨૦૧૧ના રોજ ઈસ્તંબુલમાં થઈ હતી. જેમાં યુરોપ, એશિયા, આફ્રીકા અને લેટીન અમેરીકાના દેશો જેવા કે ભારત, મલેશીયા, સાઉથ કોરીયા, ઓસ્ટ્રેલિયા, યુ.કે., ઉઝબેકીસ્તાન વગેરે કુલ ૫૬ દેશોના કુલ ૭૨ સભ્યો છે. ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી આ ઈન્ટરપાની સભ્ય છે. જેનો ઉદ્દેશ પોલીસ તાલીમ અને શિક્ષણ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય કક્ષાએ કોમ્યુનીકેશન એન્ડ કોલોબોરેશનનું પ્લેટફોર્મ પુરું પાડવાનું છે. આ ૮મી વાર્ષિક ઈન્ટરપા કોન્ફરન્સમાં સીનીયર પોલીસ અધિકારીઓ, પોલીસ એકેડેમીના વડાઓ, પોલીસ ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટના વડાઓ ભાગ લેનાર છે અને આ કોન્ફરન્સમાં વિવિધ વિષયો જેવા કે ક્રાઈમ સીન ઈન્વેસ્ટીગેશન, ડીજીટલ એવીડન્સ, હેટ ક્રાઈમ ઓન સાયબર સ્પેસ, સીનરજેસ્ટીક ઈફેકટ ઓન ટેકનોલોજી ઈન કોમ્બેટીંગ ક્રાઈમસ, મોડર્ન ટેકનીકસ/મેથડસ ઓફ કોમ્બેટીંગ સાયબર ક્રાઈમ્સ, ટેકલીંગ ડીસ્ટર્બીંગ ઈન્ફોર્મેશન ઓન સોસ્યલ મિડીયા વિગેરે જેવા વિષયો ઉપર તલસ્પર્શી ચર્ચા વિચારણા કરવામાં આશે. આજના આ સાયબર વર્લ્ડમાં સાયબરને લગતા ગુન્હાઓ દેશ અને તેની વિવિધ સંસ્થાઓ માટે ગંભીર પ્રશ્ન બની ગયા છે. ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિ.એ ક્રીમીનલ જસ્ટીસ ડીલીવરી સીસ્ટમને સુદૃઢ બનાવવા, બોર્ડરપોલ, એશીયનપોલ, ઈન્ટરપા વિગેરે સંસ્થાઓ સાથે જોડાણ કરીને વિશ્વભરના પોલીસ અધિકારીઓને સતત તાલીમ આપવાની તેમજ ફોરેન્સિક સુવિધાઓ ઉપલબ્ધ કરવાની કામગીરી કરી રહી છે. જેના કારણે ખૂબ જ ટુંકા સમયમાં જી.એ.ફ.એ.સ.યુ.એ આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત કરી છે. જેને ધ્યાનમાં લઈ ઈન્ટરપા કમિટીએ આ ૮મી વાર્ષિક ઈન્ટરપા કોન્ફરન્સનાં આયોજન માટે જી.એફ.એસ.યુ., ગાંધીનગરને પસંદ કરવામાં આવ્યું છે.

### આજે જયોતિ મહિલા મંડળ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા.૭

જયોતિ મહિલા મંડળ દ્વારા તા. ૮ ફેબ્રુઆરીના રોજ બપોરે ૧.૩૦ કલાકે સે-૫ શોપીંગ સેન્ટર પાસે બહેનો માટે ડબ્બા ઉજાણી, એક પાત્રીય અભિનય સ્પર્ધા અને હાઉસીનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાની દરેક બહેનોને વિવિધ વાનગી ડબ્બામાં લાવી અન્ય કાર્યક્રમોમાં ભાગ લઈ ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતનાબેન બુચ દ્વારા જણાવાયું છે.

### ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની તણાવ મુક્ત પરીક્ષા માટે આજે જય વસાવડાનું પ્રવચન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર તાલુકાના આચાર્ય સંઘ દ્વારા તા. ૮મી ફેબ્રુઆરી શુક્રવારે સવારે ૯ કલાકે સેકટર-૭માં મહિલા કોલેજ ઓડિટોરિયમ ખાતે ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થીઓ તણાવ મુકત પરીક્ષા આપી શકે તે હેતુથી ગુજરાતના જાણીતા વકતા જય વસાવડાના પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, રાજય આરોગ્ય વિભાગના ઉપસચિવ ઈશ્વરભઈ ચૌધરી, જિલ્લા શિક્ષણાધિકારી ભરતભાઈ વઢેર, શિક્ષામંત્રી ગૃપના વિષ્ણુભાઈ ચૌધરી અને વિપુલભાઈ ચૌધરી તથા ગાંધીનગર આંજણા કેળવણી મંડળના પ્રમુખ કનુભાઈ ચૌદરી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનો લાભ લેવા શહેરના ધો-૧૦ એન ધો-૧૨માં ભણતા વિદ્યાર્થીઓને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### સિધ્ધિ વિનાયક મંદિર ખાતે અન્નકુટ તથા મહાઆરતી યોજાશે

ગાંધીનગર, તા.૭

ગણેશ જયંતિના મંગળ પર્વ નિમિત્તે ૮ ફેબ્રુઆરી શુક્રવારના રોજ સિધ્ધિ વિનાયક મંદિર, મહારાષ્ટ્ર સમાજ ભવન સે-૨૧ ખાતે સાંજે ૭ કલાકે મહાઆરતી અને અન્નકુટનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે ભાવિક ભકતોને ઉપસ્થિત રહી મહાઆરતીનો લાભ લેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

# શનિવારે સે-૧૩ પ્રાથમિક શાળા ખાતે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ કલબ દ્વારા સેકટર-૨૨ની સરકારી આયુર્વેદિક હોસ્પિટલના સંયુકત ઉપક્રમે આગામી તા. ૯મી ફેબ્રુઆરી શનિવારના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન સેકટર-૧૩ની સરકારી પ્રાથમિક શાળા સંકુલ ખાતે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં દર્દીઓને જરૂરિયાત મુજબ દવાઓ વિના મૂલ્યે પુરી પાડવામાં આવશે.

શનિવારે સવારે સેકટર-૧૩ની સરકારી પ્રાથમિક શાળા સંકુલમાં યોજાનાર નિઃશુલ્ક સર્વ રોગ નિદાન સારવાર કેમ્પમાં સરકારી આયુર્વેદિક હોસ્પિટલના નિષ્ણાત તબીબો દ્વારા દર્દીઓને પેટના રોગો, શરદી, શ્વાસ, ઉધરસ, કફ, સાંધાના દુઃખાવા, મણકાની તકલીફ, ડાયાબીટીસ, સ્થૂળતા, કાન-નાક-ગળા-આંખ અને દાંતના રોગો, વ્યંધત્વ, ઉત્તમ સંતતિ, સગર્ભાવસ્થાની સમસ્યા સહિતના તમામ રોગો અંગે દર્દીને નિદાન તથા સારવાર અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. આ કેમ્પનો સેકટર-૧૩ તથા તેની આસપાસના વિસ્તારના નાગરિકોએ મહત્તમ લાભ લેવા હેપ્પી યુથ કલબ દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

# શહેરમાં ડુંગળીના ભાવ ગગડ્યા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના શાકમાર્કેટમાં ડુંગળીના ભાવ ગગડ્યા છે. થોડા માસ અગાઉ ડુંગળીના ભાવ આસમાનને આંબતા હતા તેના સ્થાને ડુંગળીની આવક વધતા ભાવ નીચે આવી ગયા છે. જયારે નાસિક તરફથી આવતી ડુંગળીના ભાવ કિલોના રૂ. ૧૫ થી ૨૦ જોવા મળે છે. તો બીજી તરફ કાઠીયાવાડમાં ડુંગળીનો મબલખ પાક ઉતરતા ડુંગળીના ભાવ તળીયે બેસી ગયા છે.

સૌરાષ્ટ્ર તેમજ નાસિકમાં ડુંગળીનો મબલખ પાક ઉતર્યો છે. નાસિક તેમજ સૌરાષ્ટ્ર તરફથી ગરીબોની ગણાતી કસ્તુરી અમદાવાદ તેમજ ઉતર ગુજરાતના શહેરમાં આવે છે. ત્યારે હાલના સમયે સૌરાષ્ટ્રમાં ડુંગળીનો મણનો ભાવ રૂ. ૬૦ થી ૮૦ છે. ખેડુતોને માર્કેટમાં વેચાણ માટે આવ્યા હોવાનું ભાડુ પણ નીકળતુ નથી તેવો હાલ થયો છે. ત્યારે આગામી સમયમાં ઉનાળામાં હજુ પણ વધુ ડુંગળી ખેતરોમાંથી નીકળશે તેવું વેપારીઓનું માનવુ છે. જયારે નાસિક તરફથી આવતી ડુંગળી માંગ ગુજરાતમાં વધુ રહે છે. તો નાસિકની ડુંગળીનો ભાવ કિલોના ૧૦ થી ૧૫ રૂપીયા છે. ત્યારે ગાંધીનગર શહેરમાં માંગ કરતા વધુ ડુંગળીની આવક થઈ રહી છે. જેથી વધુ પડતા જથ્થાને કારણે ભાવમાં ગીરાવટ આવી છે. ત્યારે વેપારીઓનું માનવુ છે કે ડુંગળીનો ભાવ ચોમાસાની સિઝનમાં વધુ જોવા મળે છે. ચોમાસામાં ડુંગળીની આવક ઓછી હોવાથી તેમજ ગુજરાતના શહેરોમાં ડુંગળીની માંગ વધુ હોવાથી તે સમયે ભાવ ઉંચકાય છે. ત્યારે શિયાળા અને ઉનાળામાં ડુંગળીનો ભાવ સામાન્ય રહેવા પામે છે. ત્યારે આસમાનને આંબેલી ડુંગળીનો ભાવ અચાનક નીચે આવી જતા શહેરીજનો પણ હોંશે હોંશે ખરીદી કરી રહ્યા છે. ત્યારે હાલ શાકમાર્કેટમાં આદુનો ભાવ વધુ જોવા મળી રહ્યો છે. કિલોના રૂ.૧૧૦ હતા તેના સ્થાને રૂ.૧૪૦ થી ૧૫૦ થયા છે. ત્યારે આદુ પણ અન્ય રાજયમાંથી આવતું હોવાથી અને માંગ વધુ હોવાથી તેનો ભાવ શાક માર્કેટમાં વધુ જોવા મળે છે.

# સે-૧૨ પ્રાથમિક શાળામાં રમતોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૭

સર્જન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અને સેકટર-૧૨ પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે શાળામાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતું. ૫૦ થી વધુ બાળકો એ જુદી - જુદી રમતોમાં ભાગ લઈ ખેલ - કુદમાં પોતાનો ઉત્સાહ બતાવ્યો હતો .

સે-૧૨ની સરકારી પ્રાથમિક શાળામાં યોજાયેલ રમતોત્સવમાં બાળકોએ ઉત્સાહપૂર્વક વિવિધ રમતોમાં ભાગ લઈ પોતાનું કૌશલ્ય પ્રદર્શન કર્યું હતું. રમતના અંતે લોખંડી પુરૂષ સરદાર પટેલ સાહેબ, ૨૬મી જાન્યુઆરી અને રાષ્ટ્રધ્વજ વિશે બાળકોએ માહિતી પૂરી પાડી હતી ખૂબ સુંદર વાકયો બોલી સૌને આનંદિત કર્યા હતા .ત્યાર બાદ ટ્રસ્ટ દ્વારા દરેક બાળકોને ફુલસ્કેપ નોટ - બુક અને ચોકલેટ વિતરણ કરવામાં આવ્યુ હતું. આ કાર્યકમમાં શાળા આચાર્ય રાગીણીબેન રાવલ, શાળાનો સમગ્ર સ્ટાફ અને ટ્રસ્ટ પ્રમુખ વિનોદ એસ. મેણાત ઉપરાંત સેવાભાવી સભ્યો રૂચિકા ચકવર્તી, મહેન્દ્ર ભરાડા, પાયલબેન વિ મેણાત, બિપિન પાંડવ અને સુરેશ મેણાત વગરેએ સેવા આપી હતી.

# સે-૭ સરકારી પગાર કેન્દ્ર શાળાના વિદ્યાર્થીને મેરિટ સ્કોલરશીપ

ગાંધીનગર, તા.૭

દિવસ જતા ભણતર વધુ મહત્વનું બની રહ્યું છે ત્યારે સરકારી શાળા કે ખાનગી શાળામાં બાળકોને મોકલવા એ વાલીઓ માટે એક પ્રશ્ન બની રહ્યો છે. આ બાબતને ધ્યાનમાં લેતા સરકારી પ્રાથમિક પગાર કેન્દ્ર સે-૭ના આચાર્ય અને સ્ટાફ ગૌરવ અનુભવે છે કે તેમની શાળાના વિદ્યાર્થી નિલ રાકેશભાઈ વ્યાસે ખાનગી શાળામાંથી સરકારી શાળામાં દાખળ થઈ નેશનલ મિન્સ કમ મેરિટ સ્કોલરશીપ પરીક્ષા ૨૦૧૮માં સ્કોલરશીપ કવોલીફાઈડ થઈ ગાંધીનગર શહેર વિસ્તાર સંચાલિત સરકારી શાળામાં મેરિટમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ભૌતિક સુવિધાઓ, અનુભવી શિક્ષકો સાથે બાયસેગ દ્વારા વર્ચ્યુઅલ અભ્યાસ તેમજ ઈ લર્નિંગ દ્વારા સરકારી શાળાના વિદ્યાર્થીઓ આગળ વધી રહ્યા છે. સરકારી શાળામાં બાળકો પર વ્યકિતગત ધ્યાન આપી તેમને ફ્રી પુસ્તકો, સ્કોલરશીપ, મધ્યાહન ભોજન, ફ્રી શિક્ષણ આપી બાળકની પ્રતિભા વિકસાવવાના તંદુરસ્ત પ્રયાસ થઈ રહ્યા છે. સ્કોલરશીપ મેળવી મેરિટમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરનાર નિલ રાકેશભાઈ વ્યાસે આ વાતને પુરવાર કરી છે.

# ગ-૨ સર્કલ નજીક સળંગ ચાર રવિવાર નિઃશુલ્ક વિવિધ રોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર તાલુકાના કોલવડા ખાતે છેલ્લા ૧૪ વર્ષથી પ્રેકટીસ કરી રહેલા ડૉ. ચંદ્રકાન્ત સુથાર સેકટર-૬-બીમાં ગ-૨ સર્કલ નજીક પ્રમુખ પ્રેરણા કોમ્પ્લેક્ષ ખાતે પોતાના નવા દવાખાનાની શરુઆત કરી રહ્યા છે. આ પ્રસંગે તા. ૧૦મી ફેબ્રુઆરીથી તા. ૩જી માર્ચ દરમિયાન સળંગ ચાર રવિવારે વિવિધ રોગોના નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક રવિવારે કેમ્પનો સમય બપોરના ૧ થી ૪ વાગ્યા દરમિયાનનો રહેશે. નિઃશુલ્ક ફ્રી નિદાન કેમ્પ અંતર્ગત તા. ૧૦મી ફેબ્રુઆરીએ મસા, ભગંદર અને તેના ઓપરેશન પછી થતી તકલીફો અંગે, તા. ૧૭મી ફેબ્રુઆરીએ ચામડીના રોગો અંગે, તા. ૨૦મી ફેબ્રુઆરીએ પથરી અંગે અને તા. ૩જી માર્ચે હાડકાના રોગો અંગે નિદાનની સેવા પુરી પાડવામાં આવશે જેનો દર્દીઓએ લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળના હોદેદારો સત્યાગ્રહ છાવણી ખાતે શનિવારથી આમરણાંત ઉપવાસ પર ઉતરશે

ગાંધીનગર, તા.૭

ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની માંગણીઓ છેલ્લા અઢી દાયકાથી પડતર છે. સંચાલક, મદદનીશ અને રસોઈયા સામાન્ય વેતનમાં પોતાની ફરજ નિભાવી રહ્યા છે. એન.જી.ઓ. રદ કરવી, નવું મેનું અને અલાયદો નાસ્તો આપવાનો જીઆર કર્યો છે તે રદ કરવો, પગાર ધોરણ લઘુતમ આપી કાયમી કરવાના પ્રશ્નને લઈ તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવામાં આવી છે. તેમ છતા સરકાર દ્વારા હકારાત્મક નિર્ણય નહીં આવતા મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ આગામી તા.૯ ફેબુઆરી શનિવારના રોજથી સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ગાંધીચિંધ્યા માર્ગે આમરણાંત ઉપવાસ પર ઉતરશે. તે ઉપરાંત તા. ૨૩ અને ૨૪ ફેબુઆરીના રોજ દિલ્લી ખાતે જંતર મંતર ખાતે પ્રતિક ઉપવાસ અને ધરણા યોજશે.

મધ્યાહન ભોજન યોજનામાં કામ કરતા કર્મચારીઓ જેવા કે સંચાલક, રસોઈયા, અને મદદનીશો સામાન્ય વેતનમાં છેલ્લા ઘણા વર્ષોથી આજદિન સુધી સરકારના નિતી નિયમો મુજબ ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી રહ્યા છે. ત્યારે સંચાલકને રૂ.૧૬૦૦, રસોઈયાને રૂ. ૧૪૦૦ અને મદદનીશને રૂ. ૧૦૦૦ વેતન મળે છે. ત્યારે આટલા સામાન્ય વેતનમાં કર્મચારીઓને કુટુંબનું ભરણ પોષણ કરવું અશક્ય બન્યું છે. છેલ્લા અઢી દાયકાથી કર્મચારીઓનું શોષણ થઈ રહ્યું છે. કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે રાજય સરકારમાં અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરી હોવા છતા સરકારના બહેરા કાને મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની રજુઆત સંભળાતી નથી. ત્યારે કર્મચારીઓ પોતાના ત્રણ મહત્વના પ્રશ્નનો ઉકેલ નહીં આવતા ગાંધી ચિંધ્યા માર્ગે તા. ૯ ફેબુઆરીથી આમરણાંત ઉપવાસ પર ઉતરશે. તે ઉપરાંત તા. ૨૩ અને ૨૪ ફેબુઆરીના રોજ દિલ્લી ખાતે જંતર મંતર પર પ્રતિક ઉપવાસ અને ધરણા યોજી કર્મચારીઓ પોતાનો વિરોધ નોંધાવશે.

## ચિરવિદાય

- સ્વ. સોલંકી દિપાજી બાદરસિંહ, ઉ.વ. ૪૫
- સ્વ. કાન્તાબેન ઈશાભાઈ દેવીપુજક, ઉ.વ. ૯૦
- સ્વ. દિલીપ રમણભાઈ રાઠોડ, ઉ.વ. ૩૩
- સ્વ. ઠાકોર રાજુજી માસંગભાઈ, ઉ.વ. ૫૨